અપીલ અરજી નં.૨૨૧ તા.૧૬–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની આઈ ડી નં.૨૧૩ તા.૩૧–૮–૧૦ની અરજીથી સર્વોદયનગરમાં આવેલ ૪૮ નંબરના પ્લોટમાં આશીર્વાદમાં કેટલું દબાણ છે અને તે કઈ રીતે છે તે જણાવવા વિનંતી તથા તેમાં કબ્જેદારના નામ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૧/૨૦૧૦–૧૧

શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની આઈ ડી નં.૨૧૩ તા.૩૧–૮–૧૦ની અરજીથી સર્વોદયનગરમાં આવેલ ૪૮ નંબરના પ્લોટમાં આશીર્વાદમાં કેટલું દબાણ છે અને તે કઈ રીતે છે તે જણાવવા વિનંતી તથા તેમાં કબ્જેદારના નામ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/૫૨૦ તા.૧૧–૧૦–૧૦ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૪ તા.૨૧–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ રજુ કરેલ નથી તથા તે પૈકી કઈ બાબતે નારજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૪–૧૧–૧૦ ના રોજ પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૨૭–૧૦–૧૦ નો પત્ર મળેલ છે જેમાં તેઓએ મુળ અરજીની નકલ નહીં હોવાનું જણાવેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૧૩ તા.૩૧–૮–૧૦ની અરજીથી સર્વોદયયનગરમાં આવેલ ૪૮ નંબરના પ્લોટમાં આશીર્વાદમાં કેટલું દબાણ છે અને તે કઈ રીતે છે તે જણાવવા વિનંતી તથા તેમાં કબ્જેદારના નામની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૫૨૦ તા.૧૧–૧૦–૧૦ થી સંદર્ભ હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઉધનાઝોન ખાતે રેકર્ડમાં ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૬–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદાર તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૨૯૦૨ તા.૩૦–૮–૧૦ થી સંગીતાબેન વિષ્ણુભાઈ પટેલ પ્લોટ નં. ૪૯,૫૦ ઉધનાઝોનને પ્લોટ નં.૪૮ માં થયેલા વધારાના દબાણ દુર કરવા માટે સંદર્ભ હેઠળના પત્રથી પ્લોટ નં.૪૮ માં કરેલ વધારાનું દબાણ દુર કરવામાં આવશે તેવો પત્ર પાઠવ્યાની નકલ રજુ કરેલ છે. તેની સાથે અરજદારે માહિતી ખોટી આપ્યાની રજૂઆત કરેલ છે. જેને સમર્થન આપેલ છે. આથી જાહેર માહિતી અધિકારીએ રેકર્ડની પુનઃ ચકાસણી કરાવી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરની પુનઃ ચકાસણી કરી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી,